DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY

DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

# વેદોમાં પર્યાવરણ ચેતના

## ડૉ. વિપુલકુમાર જે. જાદવ

આસિસ્ટંટ પ્રોફેસર (વેદ વિભાગ),
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

**સારાંશ**

*ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણનું ખૂબ મહત્વ છે. હજારો વર્ષો પહેલા, ભારતીય ઋષિ-મુનિઓએ માનવ જીવનના કલ્યાણ અને સુખ માટે પર્યાવરણ અને પ્રકૃતિના સાનિધ્યનું મહત્વ સમજ્યું હતું. ભારતીય સંસ્કૃતિનો આધાર વૈદિક યુગ રહ્યો છે, અને તેનો પ્રાથમિક સ્રોત વેદો છે. વેદોના અભ્યાસ પરથી જાણવા મળે છે કે વૈદિક સમાજમાં પર્યાવરણના મહત્વ અને તેના રક્ષણ વિશે ઘણી જાગૃતિ હતી. તત્કાલિન સમાજ પર્યાવરણીય પ્રદૂષણના જોખમો વિશે ખૂબ જ સભાન હતો, વૈદિક કાળમાં ભુમિને દેવતા તરીકે પૂજવાની પ્રેરણા આપવામાં આવતી હતી. જેમ કે.અથર્વવેદમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.*

*यस्य भूमिः प्रमान्तरिक्षमुतोदरम्।*
*दिवं यश्चक्रे मूर्धानं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः ॥[1] अथर्ववेद*

***મુખ્ય શબ્દાવલી:*** *વેદ ,પર્યાવરણ, પ્રદૂષણ, સંરક્ષણ, ઉપાયો*

વેદોમાં પ્રકૃતિ અને પુરુષ વચ્ચેનો સંબંધ એકબીજા પર આધારિત માનવામાં આવ્યો છે. આજે સમગ્ર વિશ્વમાં પર્યાવરણનું પ્રદૂષણ એક ગંભીર સમસ્યા છે. ચારેબાજુ પ્રદૂષક તત્વો દેખાય છે, તેનું નિવારણ પ્રમાણમાં નહિવત્ છે. માનવજાત જે દિશામાં આગળ વધી રહી છે તે જોતાં એવું લાગે છે કે તે સમય દૂર નથી જ્યારે સમગ્ર જીવમંડળ વિનાશના મુખમાં હશે.

તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલમાં ખુલાસો થયો છે કે વિશ્વના સૌથી વધુ પ્રદુષિત 100 શહેરો માંથી એકલા ભારતના જ 63 શહેરો છે. IQAirના એક રિપોર્ટ અનુસાર, દિલ્હી સતત બીજા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની છે, જ્યાં ગત વર્ષની સરખામણીમાં પ્રદૂષણમાં લગભગ 15 ટકાનો વધારો થયો છે. ભારતમાં કોઈ શહેર WHO ના ધોરણોને પૂર્ણ કરી શક્યું નથી આ વાતની ગંભીરતા આપણે સમજવી જરૂરી છે.

## પર્યાવરણ

પર્યાવરણનો શાબ્દિક અર્થ થાય છે, ચારે બાજુનું આવરણ ,અથવા સ્તર. કુદરતે આપણને હવા, પાણી, વરસાદ, જમીન, નદી, પર્વત વગેરે કુદરતી તત્વોથી સભર એવું સમગ્ર જીવમંડળ માટે રક્ષણાત્મક આવરણ આપ્યું છે. પરંતુ આપણે કુદરત તરફથી મળેલી સુરક્ષા અને સુરક્ષાનાં કવચોને નષ્ટ કરવામાં વ્યસ્ત છીએ. માણસ પ્રકૃતિના અનિયંત્રિત શોષણમાં વ્યસ્ત છે.

આપણા પ્રાચીન વૈદિક સાહિત્યમાં, પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે વારંવાર આહવાન કરવામાં આવ્યું છે, માણસે તેની ઇચ્છાઓ અને પ્રદૂષણને નિયંત્રણમાં રાખીને પ્રકૃતિમાંથી એટલું જ લેવું જોઈએ. જે તેની સમપ્રભુતાને નુકસાન ન કરે. પર્યાવરણના મૂળભૂત તત્વો - માટી, વાયુ, જળ, આકાશ અને અગ્નિ છે. - વેદોમાં પૃથ્વી લોક, અંતરીક્ષ લોક અને દ્યુ લોકનોં ઉલ્લેખ જોવા મળે છે. વેદોમાં કહેવામાં

[1] અથર્વવેદ – 10/7/32


© 2024 by Author

આવ્યું છે કે જાણ્યે-અજાણ્યે આપણે એવું કંઈ ન કરવું જોઈએ જે વિનાશકારી હોય, જો આપણા દ્વારા એવું કોઈ કાર્ય કરવામાં આવે, જે સૃષ્ટિના રક્ષણની વિરુદ્ધ હોય, તો દ્યુ અને પૃથ્વી આપણી રક્ષા કરે,એવી પ્રાર્થનાઓ જોવા મળે છે.

ઘણી જગ્યાએ પર્યાવરણના પરિપ્રેક્ષ્યમાં આશંકા અથવા ભય વ્યક્ત કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટપણે સાબિત કરે છે. કે વૈદિક કાલીન સમાજ, માનવજાતથી પર્યાવરણ માટેના ખતરાથી સારી રીતે ડરતા હતા. અને આવનારી આફતોથી બચવા માટે સતત પ્રયત્નશીલ પણ હતાં. અને તેની તેઓને જાણકારી હતી કે પર્યાવરણનું નુકસાન કરવું જે ક્યારેય ક્ષમાપાત્ર નથી, અને તેથી માનવીના કાર્યોથી પર્યાવરણને બચાવવાની વેદોમાં ડગલે ને પગલે મંત્રો દ્વારા વિનંતી જોવા મળે છે.

## પર્યાવરણીય પ્રદૂષણ અને રક્ષણ

વ્રતમાન સ્થિતિ ને જોતા એવું લાગે છે. કે આજનો શિક્ષિત સમાજ પર્યાવરણ ની મહત્તા ને સમજી શક્યો નથી અને પોતાના સ્વાર્થ માટે પર્યાવરણને ખૂબ જ નુકશાન પહોચાડી રહયો છે. ત્યારે વેદોમાં પર્યાવરણની જાળવણીના મહત્વને ઉજાગર કરતી વખતે માનવીને તેના સંરક્ષણમાં ઉન્નત રહેવાની હાકલ કરવામાં આવી છે. પર્યાવરણની રક્ષા માટે માનવમાં સત્ય, નમ્રતા, નિશ્ચય, મક્કમતા, જ્ઞાન અને ત્યાગ જેવા ગુણો હોવા ખૂબ જરૂરી છે. આ ગુણો દ્વારા જ પૃથ્વીનું રક્ષણ કરી શકાય છે. માટે કહેવાયું છે -

सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति।
सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥[2] अथर्ववेद

અર્થ – "તે સત્ય છે જે મહાન અને સૌથી ઉગ્ર છે, તે દીક્ષા છે, તે તપ છે, તે બ્રહ્મ છે અને તે યજ્ઞ છે, જે પૃથ્વીને ટકાવી રાખે છે. તે પૃથ્વી આપણા ભૂતકાળ અને ભવિષ્ય માટે તે જગતની પત્ની બને."

વેદોમાં પ્રાણીઓ, પક્ષીઓ અને છોડનો સંદર્ભ અને ઉલ્લેખ, ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોને રેખાંકિત કરે છે. યજુર્વેદમાં પણ ઉલ્લેખ છે કે આ જગતના તમામ જીવોને મિત્રની જેમ જુઓ. વેદોમાં પર્યાવરણની રક્ષા માટે શાંતિની પ્રાર્થના કરવામાં આવી છે.

द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः पृथिवी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः ।
वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः सर्वं शान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ॥[3]

આ મંત્ર શાંતિની પ્રાપ્તિ માટે પ્રાર્થના વ્યક્ત કરે છે અને વિવિધ તત્વો અને જીવો વચ્ચે શાંતિની જરૂરિયાત દર્શાવે છે.

## મૃદાવરણ- સંરચના અને સંરક્ષણ

મૃદાવારણ એ પૃથ્વીનો નક્કર ભાગ છે.પૃથ્વીનો માત્ર 29 ટકા ભાગ ખંડ, ટાપુ અને ભૂમિનોં છે. પૃથ્વી રસાયણોનું ઘર છે. માણસે આડેધડ શોષણ કરીને પૃથ્વીનો નાશ ન કરવો જોઈએ, જે આજે તે માત્ર પોતાના સ્વાર્થ માટે કરી રહ્યો છે. અથર્વવેદના પૃથ્વી સૂક્તમાં કહ્યું છે-

विश्वस्वं मातरमोषधीनां ध्रुवां भूमिं पृथिवीं धर्मणा धृताम्।
शिवां स्योनामनु चरेम विश्वहा ॥[4]

આ મંત્ર ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં માતૃભૂમિની મહત્વપૂર્ણ ભૂમિકાને દર્શાવે છે, અને તેને શ્રદ્ધા સ્વરૂપ સમજી શકાય છે. જે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ઊંડો આદર અને ભક્તિ દર્શાવે છે.

---

[2] અથર્વવેદ 12/1/1
[3] યજુર્વેદ 36/17
[4] અથર્વવેદ 12/1/17


© 2024 by Author

જીવન માટે શક્તિઓ આપતા વિવિધ ખોરાક, ફળ ઘણા વૃક્ષો અને છોડ વાળી ઔષધીઓનો ઉલ્લેખ છે. જેનાં રક્ષણ અને યોગ્ય ઉપયોગ માટે મનુષ્ય પાસેથી હંમેશા અપેક્ષા રાખવામાં આવે છે. ભૂમિસૂક્તમાં જમીનને કોઈપણ પ્રકારનું નુકસાન ન કરવા સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે.

यत्ते भूमे विखनामि क्षिप्रं तदपि रोहतु।
मा ते मर्म विमृग्वरि मा ते हृदयमर्पिपम् ॥[5]

અને પ્રાકૃતિક રીતે કરવામાં આવતી ખેતીને પ્રાથમિકતા આપવામાં આવી છે. સ્વચ્છ વાતાવરણ માત્ર માનવ સ્વાસ્થ્ય માટે જ જરૂરી નથી પરંતુ સારી ખેતી અને પાક માટે પણ જરૂરી છે. જેના આધારે આપણું જીવન ટક્યું છે. અને આમ જોઈએ તો વેદોમાં ભૂમિ સંરક્ષણ માટે અનેક ઉપાયો દર્શાવ્યા છે.અને મંત્રો દ્વારા માનવ સમાજને જાગૃત કરવામાં આવ્યો છે.

## જલાવારણ- સંરચના અને સંરક્ષણ

આ પૃથ્વીનાં લગભગ ૭૫ ટકા ભાગ પાણીથી ઘેરાયેલો છે. તમામ જીવોને પાણીની જરૂર છે. હાઇડ્રોજન અને ઓક્સિજનની જરૂરિયાત પણ પાણી દ્વારા પૂરી થાય છે. પૃથ્વી પર 1.386 બિલિયન ક્યુબિક કિલોલિટર પાણી છે, જેમાંથી લગભગ 97 ટકા એટલે કે 1.320 બિલિયન ક્યુબિક કિલોલિટર સમુદ્રનું પાણી છે. સરોવરો, તળાવો, નદીઓ અને કુવાઓ વગેરેમાં જે પાણી જોવા મળે છે, તે જીવો માટે ઉપયોગી છે. માટે વરસાદ માટે સ્તુતિ જોવા મળે છે.

मा वो रसानितभा कुभा क्रुमुर्मा वः सिन्धुर्नि रीरमत्।
मा वः परि ष्ठात्सरयुः पुरीषिण्यस्मे इत्सुम्नमस्तु वः ॥[6]

ઋગ્વેદ માં એવું કહેવામાં આવ્યું છે કે પૃથ્વી પર પાણી સતત વહેવું જોઈએ અને તે વરસાદ દ્વારા સતત વધવું જોઈએ. વરસાદ માટે યજ્ઞ કરવામાં આવે છે. યજ્ઞના મહત્વનું વર્ણન વિવિધ સ્થળોએ જોવા મળે છે. પૃથ્વી સૂક્તમાં કહેવાયું છે કે જંગલો અને વૃક્ષો પૃથ્વી પર વરસાદ લાવે છે - વૃક્ષો જમીનનાં ધોવાણને અટકાવે છે - તેઓ તેનું રક્ષણ કરે છે. વૃક્ષો પૂર અને દુષ્કાળ બંને સામે રક્ષણ આપે છે.

દેવતાઓ દ્વારા સ્થાપિત નગરો અને સારા ઉદ્યોગોનો ઉલ્લેખ પણ પર્યાવરણને પ્રદૂષણથી બચાવવા માટેનો સંકેત છે. આ કારણે પૃથ્વી તમામ પદાર્થોથી ભરપૂર અને આહલાદક રહે છે. આ જ કારણ છે કે પૃથ્વી સૂક્ત માં કહ્યું છે' કે-

यस्याः पुरो देवकृताः क्षेत्रे यस्या विकुर्वते।
प्रजापतिः पृथिवीं विश्वगर्भामाशामाशां रण्यां नः कृणोतु ॥[7]

આ મંત્ર વૈદિક સંસ્કૃતિમાં કુદરતી સૌંદર્ય, પ્રાકૃતિક જરૂરિયાતોની પ્રાથમિકતા અને જીવનની ઉત્ક્રાંતિ પ્રક્રિયાઓનું મહત્વ વ્યક્ત કરે છે.અહીં પર્યાવરણને નુકશાન કરનારાં અને ખોટી રીતે જીવનારાને પૃથ્વી પરથી બહાર કાઢવા માટે કહેવામાં આવ્યું છે. વર્તમાન સમયે સામાજિક જીવનમાં પાણીને પ્રદૂષિત કરવાની ક્રિયા સર્વત્ર જોવા મળે છે. તેના શુદ્ધિકરણ અથવા સંરક્ષણમાં, વ્યક્તિગત સ્તરે અથવા સમાજ સ્તરે યોગદાન નજીવું રહે છે. ગંગા જેવી પવિત્ર નદી જેના પાણીને અમૃત માનવામાં આવે છે. તે આજે ગંદી અને પ્રદૂષિત થઈ ગઈ છે. ભૂમિ સૂક્ત કહે છે.-

[5] અથર્વવેદ 12/35
[6] ઋગ્વેદ 5/53/9
[7] અથર્વવેદ 12/1/43


© 2024 by Author

DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

शुद्धा न आपस्तन्वे क्षरन्तु यो नः सेदुरप्रिये तं नि दध्मः।
पवित्रेण पृथिवि मोत्पुनामि ॥[8]

આ મંત્ર શુદ્ધતા અને સ્વચ્છતાના નું મહત્વ સમજાવે છે અને કહે છે કે આપણે હંમેશા તે શક્તિઓનો આદર કરવો જોઈએ જેણે આપણને પવિત્ર અને શુદ્ધ બનાવ્યા છે.

વિશ્વના સૌથી પ્રાચિન ગ્રંથ ઋગ્વેદમાં, પાંચ મુખ્ય તત્વોમાં, પાણીને દૈવી સ્વરૂપ માનીને પ્રશંસા કરવામાં આવી છે. આ આખું જગત પાણીથી વ્યાપ્ત છે. જગતની ઉત્પતિ બ્રહ્મ દ્વારા થઈ છે અને એટલા માટે જ કહેવાયું છે. आपो वै ब्रह्मा. મોટાભાગના જીવો જળમાં જ જન્મ લે છે અને તેમાંજ નિવાસ કરે છે. ઋગ્વેદમાં સ્તુતિ જોવા મળે છે.-

तस्मा अरं गमाम वो यस्य क्षयाय जिन्वथ।
आपो जनयथा च नः ॥[9]

આ મંત્ર પ્રકૃતિની દેવી અર્થાત જળ પ્રત્યે કૃતજ્ઞતા અને રક્ષણની લાગણી વ્યક્ત કરે છે. મંત્ર દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે આપણે પ્રકૃતિની રક્ષા કરવી જોઈએ જેથી આપણા અસ્તિત્વ માટે જરૂરી સંસાધનો સુરક્ષિત રહે.

## વાતાવરણ- સંરચના અને સંરક્ષણ

જલાવરણ અને મૃદાવરણની ઉપર, એક આવરણ, જે વાતાવરણ છે. જે વાયુઓનું આવરણ બનાવે છે. તેની કોઈ નિશ્ચિત મર્યાદા નથી. તેમાં વાયુઓની હાજરી 200 માઈલ ઉપર સુધી જોવા મળે છે. લગભગ 21 ટકા ઓક્સિજન, 78 ટકા નાઇટ્રોજન, 0.04 ટકા કાર્બન ડાયોક્સાઇડની માત્રા જોવા મળે છે.

આજે, પરમાણુ હથિયારોની દોડ વિશ્વને વિનાશના આરે લાવી છે. પરમાણુ પરીક્ષણોની સ્પર્ધા પર્યાવરણને કેટલું પ્રદૂષિત કરી રહી છે - તે સરળતાથી આંકી શકાય છે. પેટ્રોલ-ડીઝલ વાહનો, કારખાનાઓ વગેરેમાંથી નીકળતો ધુમાડો અને ઝેરી ગેસ આરોગ્ય માટે ઘાતક સાબિત થઈ રહ્યો છે. આજે અસ્થમાના રોગો બાળપણમાં જ બાળકોને અસર કરે છે. વિશ્વ માટે પર્યાવરણના રક્ષણમાં હવાની સ્વચ્છતા ખૂબ જરૂરી છે. ઓક્સિજન વિના એક ક્ષણ પણ જીવવું શક્ય નથી. ભગવાને સજીવ પ્રાણીઓ માટે આખી પૃથ્વી પર વાયુનો મહાસાગર ફેલાવ્યો છે. આપણા શરીરની અંદરની રક્તવાહિનીઓમાં વહેતું લોહી બહારથી દબાણ કરતું રહે છે, જો તે સંતુલિત ન હોય તો શરીરની તમામ ધમનીઓ ફાટી જાય છે અને જીવ નાશ પામે છે. હવાનો મહાસાગર આનાથી આપણું રક્ષણ કરે છે.

છોડ હવા માંથી કાર્બન ડાયોક્સાઈડ પોતાના માટે રાખે છે અને આપણને ઓક્સિજન આપે છે. આ રીતે વૃક્ષો અને છોડ હવાને શુદ્ધ કરીને આપણું જીવન બચાવે છે. સજીવ માટે હવાનું શુદ્ધિકરણ સૌથી મહત્વપૂર્ણ છે. હવાને શુદ્ધ અને અશુદ્ધ તરીકે વર્ગીકૃત કરીને કહેવામાં આવ્યું છે કે બંને પ્રકારના પવન સમુદ્ર તરફ અને સમુદ્રથી દૂર વહેતા રહે છે.

द्वाविमौ वातौ वात आ सिन्धोरा परावतः।
दक्षं ते अन्य आ वातु परान्यो वातु यद्रपः ॥[10]

આ મંત્ર વિવિધ પ્રકારની આબોહવા દર્શાવે છે અને સમજાવે છે કે વિવિધ પ્રકારની હવાના આગમનથી વાતાવરણમાં ફેરફાર થાય છે.અને વાતાવરણ શુદ્ધ રહે છે.

હજારો વર્ષો પહેલા, વૈદિક યુગના ભારતીય સમાજને જ્ઞાન હતું કે હવા એ અનેક પ્રકારના વાયુઓનું મિશ્રણ છે, જેમાં વિવિધ ગુણો અને ખામીઓ છે; આમાં પ્રાણવાયુ (ઓક્સિજન) પણ છે. આ અમરત્વનો વારસો છે. જે આપણા જીવન માટે જરૂરી છે. શુદ્ધ હવાને અમૂલ્ય

[8] અથર્વવેદ 12/1/30
[9] ઋગ્વેદ 10/9/8
[10] ઋગ્વેદ. 10/137/2


© 2024 by Author

ખજાના તરીકે ઓળખવામાં આવી હતી, શુદ્ધ તાજી હવા એ અમૂલ્ય ઔષધ છે, જે આપણા હૃદય માટે દવા જેટલી જ ઉપયોગી છે, તે આનંદદાયક છે. અને આપણું આયુષ્ય લંબાવે છે. અથર્વવેદમાં કહેવામાં આવ્યું છે કે પૃથ્વીની રક્ષા એ મનુષ્યનું કર્તવ્ય છે. અને તે ત્યારે જ શક્ય બને છે જ્યારે તે સંકલ્પબદ્ધ અને કૃતઘ્ની બનીને પૃથ્વીની રક્ષા માટે યજ્ઞ વગેરે જેવા સત્કર્મો કરે. પ્રદુષણ અટકાવે. મનુષ્યોએ દ્યુલોક (આકાશ) અને ભુલોક (માતા પૃથ્વી)નું રક્ષણ કરવું જોઈએ એ આપણું કર્તવ્ય છે.

माता भूमि पुत्रोऽहं पृथिव्याः ।[11] અથર્વવેદ

આમ આ વેદોમાં પર્યાવરણ જાગૃતિ શોધપત્રનાં નિષ્કર્ષમાં ત્રણેય આવરણો સજીવોના જીવન માટે ઉપયોગી છે. તે જલાવરણમાંથી પાણી, મૃદાવરણમાંથી ખોરાક અને વાતાવરણમાંથી મહત્વપૂર્ણ હવા મેળવે છે. ટૂંકમાં, આ ત્રણેય આવરણોં એકબીજાના પૂરક છે, જો તેમાંથી એકનો નાશ થાય તો સજીવોનું અસ્તિત્વ શક્ય નથી. આ ત્રણેય આવરણોંમાંથી મેળવેલી ઊર્જાનો પ્રમાણસર ઉપયોગ કરીને આપણે પર્યાવરણનું જતન કરી શકીએ છીએ. તેમની ઉર્જાનો વધુ પડતો ઉપયોગ એટલે પ્રદૂષણ.જે મનુષ્યો માટે અને સમગ્ર સૃષ્ટિ માટે હાનીકારક છે.

આમ વેદોમાં કહેવાયું છે કે આપણે મનુષ્યોએ સમજવું જોઈએ, આપણે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સ્થાપિત કરવું જોઈએ. તેના કુદરતી સ્વરૂપને નષ્ટ ન કરીને તેને યોગ્ય રીતે સુરક્ષિત રાખવું જોઈએ. વેદોમાં પ્રકૃતિના સ્વરૂપ, પર્યાવરણ-સંરચના અને તેના સ્વરૂપને લગતા વિગતવાર નિયમોં જોવા મળે છે. જો મનુષ્યો ઉપરોક્ત નિયમોંનું પાલન કરે અને પ્રતિબંધિત કાર્યોનું ઉલ્લંઘન ન કરે, તો તે માનવ કલ્યાણ અને માનવ હિત માટે ઉપયોગી થશે. આજની સૌથી મોટી જરૂરિયાત પર્યાવરણ સંરક્ષણની છે, હવા, પાણી, જમીન, આકાશ, વગેરે. વેદો આપણને,પર્યાવરણને સ્પર્શતા તમામ પદાર્થોના શુદ્ધિકરણ માટે જાગૃત કરે છે. અને જે અશુદ્ધિ આવી છે તેને દૂર કરવાની પ્રેરણા આપે છે. પર્યાવરણની શુદ્ધિ માટે વેદો કહે છે: વૃક્ષો વાવવા, છોડ ઉગાડવા, અગ્નિહોત્ર યજ્ઞ કરવા, અગ્નિ, પાણી વાયુ ,ખનીજ વગેરે પ્રાકૃતિક તત્વોનો જરૂરીયાત પ્રમાણે ઉપયોગ કરવા જેવા ઉપાયો સૂચવે છે. આ ભૌતિકવાદી યુગમાં આપણે વેદોમાં દર્શાવેલ માર્ગ પર ચાલવું જોઈએ. આજે સમગ્ર માનવ સમુદાયને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સભાન અને જાગૃત બનાવવાની અને પ્રદૂષણના વેદોમાં દર્શાવેલા વિચારોમાંથી પ્રેરણા લેવાની જરૂર છે.

## સંદર્ભ ગ્રંથો

વેદ-પર્યાવરણ-નવનીતમ- ભાસ્કર શર્મા શ્રોત્રિય, કમલ કિશોર ભારદ્વાજ, ઉમેશ પ્રસાદ દશ
કુદરતી પર્યાવરણ અને વનસ્પતિશાસ્ત્ર - ડૉ. એસ. સી. તિવારી
પર્યાવરણ વિજ્ઞાન – અનિલ કુમાર સિંહ અને મોહન લાલ
વૈદિક સંસ્કૃતિ અને પર્યાવરણ સંરક્ષણ:- વિજય એસ સોજીત્રા · 2011
શુકલયજુર્વેદ મહિધરભાષ્ય – ચૌખંબા પ્રકાશન
વૈદિક સાહિત્યમાં પર્યાવરણીય સંરક્ષણ – એક ઐતિહાસિક અભ્યાસ – ડૉ. રાજેન્દ્ર કુમાર પુરોહિત

[11] અથર્વવેદ 12/1/12


CC BY
© 2024 by Author